ક્રમાંક/મહેકમ/એપ્રેન્ટીસ/જા.નં.૬૨

કમિશનર કચેરી
મહેકમ વિભાગ
મહાનગરપાલિકા
ભા વ ન ગ ર
તા.૨૮/૧૧/૨૦૨૪

વિષય :- એપ્રેન્ટીસ તરીકે રાખવા બાબત.

-: દફ્તરી હુકમ :-

મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના ૨૦૨૨-૨૩ અંતર્ગત તથા એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ તા. ૨૬/૬/૨૦૨૪ના રોજ આઈ.ટી.આઈ. ખાતે યોજાયેલ એપ્રેન્ટીસ ભરતી મેળા અંતર્ગત આવેલ અરજીના આધારે બિઝનેસ કોરસપોન્ડસ ટ્રેડમાં એપ્રેન્ટીસ તરીકે ભરતી કરવા માટે નીચે જણાવેલ ઉમેદવારોને " બિઝનેસ કોરસપોન્ડસ " ટ્રેડમાં એપ્રેન્ટીસ એકટ હેઠળ હાજર થયા તારીખથી ૧૨ માસ માટે નીચે જણાવેલ શરતોને આધીન પસંદ કરવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | તાલીમનો વિભાગ |
|---|---|---|
| ૧ | મકવાણા વિભુતીબેન વિજયભાઈ | રોડ |
| ૨ | સોલંકી સેજલ દયાળભાઈ | રોડ |
| ૩ | પ્રજાપતિ જયેશ સુરેશભાઈ | ગાર્ડન |
| ૪ | ચુડાસમા ઉમા ચંદુભાઈ | રોશની |

-::શ ર તો ::-

(૧) તા. ૧૩-૧૨-૨૦૨૪ સુધીમાં ભાવનગર મહાનગરપાલિકા ખાતે તાલીમમાં હાજર થવાનું રહેશે. ત્યારબાદ આ દફ્તરી હુકમ મુજબ આપની નિમણુંક રદ ગણવામાં આવશે. જેની કોઈ પણ પ્રકારના પત્રથી જાણ કરવામાં આવશે નહી.

(૨) એપ્રેન્ટીસ એકટ હેઠળ સરકારશ્રી દ્વારા નિયત થયા મુજબનું પ્રતિમાસ સ્ટાઈપેન્ડ તાલીમના સમયગાળા દરમ્યાન મળવાપાત્ર થશે.

(૩) તાલીમ આપનાર અધિકારીશ્રી અને કર્મચારીઓની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરી શિસ્ત અને પ્રામાણિકતા રાખી તાલીમમાં નિયમીતતા જાળવવાની રહેશે.

(૪) ભાવનગર મહાનગરપાલિકાના કાર્યરત પ્રાઈમરી હેલ્થ સેન્ટર (પી.એચ.સી.) ખાતેથી શારીરીક યોગ્યતાનું પ્રમાણપત્ર મેળવેથી જ એપ્રેન્ટીસ તરીકે રહેવા માટેની ક્ષમતા પ્રાપ્ત કરી શકશો.

(૫) એપ્રેન્ટીસ એકટ હેઠળ ઠરાવવામાં આવ્યા મુજબ Apprenticeshipindia.gov.in વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરી ઉમેદવારે પોતાની પ્રોફાઈલ ભરી કોન્ટ્રાક્ટ જનરેટ કરવાની કાર્યવાહી કરવા અર્થે તા.૩-૧૨-૨૦૨૪ના રોજ મહેકમ વિભાગ ખાતે ઉપસ્થિત થવાનું રહેશે. પ્રોફાઈલ જનરેટ કરતી વખતે ઉમેદવારે

આઈ.ડી પ્રુફ તરીકે પોતાનું આધારકાર્ડ અને સપોર્ટીંગ ડોક્યુમેન્ટ તરીકે પોતાની બેન્ક પાસબુક ફરજીયાત અપલોડ કરવાની રહેશે અન્યથા કોન્ટ્રાક્ટ જનરેટ કરવામાં આવશે નહીં.

(૬) એપ્રેન્ટીસ એકટ હેઠળ નકકી થયા મુજબની રજાઓ મળવાપાત્ર થશે.

(૭) ભાવનગર મહાનગરપાલિકા ખાતે તાલીમના સમયગાળા દરમ્યાન એપ્રેન્ટીસ એકટ મુજબ તાલીમના પ્રથમ વર્ષ્રણે બીજા વર્ષ્રણની વૃતિકા (સ્ટાઈપેન્ડ) સરકારશ્રી દ્વારા નિયત કરેલ દરે ચુકવવામાં આવશે.

(૮) એપ્રેન્ટીસ તરીકેની આ પસંદગી કામચલાઉ અને નિયત મુદત માટેની જ હોઈ ભાવનગર મહાનગરપાલિકામાં ભવિષ્યમાં નોકરી અંગેનો તમારો કોઈ કાયદેસરનો હકક પ્રસ્થાપિત થશે નહી તેની ખાસ નોંધ લેવી.

(૯) ઉમેદવારને મળવાપાત્ર સ્ટાઈપન્ડ રૂ.૭૦૦૦/- રહેશે.

(૧૦) એપ્રેન્ટીસે કોન્ટ્રાકટનો સમયગાળો પુર્ણ થતા પહેલા જાણ કર્યા વગર એપ્રેન્ટીસશીપ છોડીને જતા રહેશે / રાજીનામાંના કિસ્સાઓમાં એપ્રેન્ટીસે મહેકમ વિભાગે પત્ર વ્યવહાર કરીને પોતાનો કોન્ટ્રાક્ટ ટરમીનેટ કરાવવાનો રહેશે. તેમજ તેઓના એપ્રેન્ટીસશીપના કોન્ટ્રાક્ટ /એપ્રેન્ટીસશીપ અંગે ભવિષ્યમાં કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તે અંગેની જવાબદારી એપ્રેન્ટીસની રહેશે.

ડેપ્યુટી અધિકારી
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

નકલ જાણ તથા અમલ થવા :-

(૧) શ્રી......................................

(૨) .................................વિભાગ

(૩) ઓડીટ વિભાગ

(૪) એકા.વિભાગ

(૫) કોમ્પ્યુટર વિભાગ ..વેબ સાઈટ પર અપલોડ કરવા સારૂ